# કાળી-ધોળી જાન

ડાબાજમણી ઝોકાં ખાતી જીપ ગામ બહાર નીકળી. સવારની નિશાળનો ઘંટ વાગી ચૂક્યો હતો, છતાં છોકરાં વડ આગળથી ખસતાં ન હતાં. વડના થડે એક ભેંસ તાણી બાંધી હતી. બાજુમાં નસકોરાં ફુલાવતો પાડો ઊભો હતો. ટોળું વિખેરવા રબારી વારંવાર લાકડી વીંઝતો, પણ આ તો છોકરાં. ઘડી આઘાં ખસે, પાછાં હતાં ત્યાં ને ત્યાં. રંજને આંખ મીંચકારતાં કંચનને કોણી મારી. રતિભાઈને થયુંઃ વાલાએ બધાંમાં સરખી માયા મૂકી છે. ત્યાં જીપ થોડી નમી. બધાંઃ ઓ બાપ રે! કરતાં એકબીજા પર ઢળી પડ્યાં. પાણીની ટાંકીના કાદવથી પૈડાં બચાવતી જીપ ધીમે ધીમે કાળા રોડે ચડી.

રતિભાઈને થયુંઃ આખર હાળું બધું બૈરાંમંડળ જ આવ્યું. કાકાએ કહેલું કે તારી કાકી આવશે. ભાઈ પણ છૂટી પડેલાઃ તારી ભાભીને જ લઈ જજે. વાત એમ હતી કે દોઢસો-બસો કિલોમીટર જવાનું ને આવવાનું. સામે ગામ લોકાચાર કરવાનો. બેપાંચ ઘેર ચા પણ પીવાની ને રસ્તામાં રોકવાનું એ જુદું. આખો દાડો ભાંગવો પડે. કાપણીનાં કામ, ઉપરથી વરસાદ મેલ મૂકે નહીં તે કોને કામની ઉતાવળ ન હોય? એટલે આ જીવી ને જમના ને રંજન ને કંચન ને જીપના દર્પણમાં ફરતી તેમની નજર કંટાળતી હતી. એકાએક એમની આંખ પહોળી થઈ ગઈઃ ઓતરા-ચિતરાના તડકામાં બળતી

જળતી ખેતરમાં ને ખળામાં જોતરાતી, ઝાંખરાં જેવાં ઝટિયાંવાળી જોગણો ક્યાં ને ક્યાં આ ધુપેલ નાખી પટિયાં પાડી આવેલી પૂતળીઓ! રતિભાઈને જરા નવું લાગ્યું. પણ રમા...

રતિભાઈએ બાજુની ખાલી સીટ પર હાથ ફેરવ્યો, લાંબો શ્વાસ લીધો, બંને હાથ ખોળામાં ગોઠવ્યા. ડ્રાઇવરની જેમ કોરી નજર રોડ પર માંડી. ત્યાં પાછળની સીટો પર છીંકણીની ડબીઓ ઊઘડી. સાથે વાતો પણ.

– બુન, માર તો જેઠાંણી કાલ રાત હુધી ઘૂઘરો બાંધીન બેઠાં તાં. પણ મીં કૌશિકિયાના પપ્પાન કઈ દીધેલુંઃ આ વખત તો મું જ જયે. અમાર આ બધો લોકાચાર શીખવાનો જ નઈ? કાલ ઊઠીન જુદાં થઈએ!

મળે ત્યારે મામા મામા કરતી ભાણી ભાવનાનો અવાજ હતો. રતિભાઈથી દર્પણમાં ડોકિયું નખાઈ ગયું.

– લે, કાળા હાલ્લામાં મી તન પેલી વારકી જોઈ. ગભરાતી નઈં. તું તાર અમે કરીએ ઈમ કરતી જજે. રોટલાની જેમ ઓશલા કૂટવાના. કાંય વાંધો નઈ આવ. જીવી દેખાતી ન હતી. રતિભાઈ થોડા ડ્રાઇવર તરફ ખસ્યા.

– વાંધો વળી હનો આવ? ઢોર ચારતાં તારનું બધું શીશેલાં. મું તો જુદા જ વેતમાં આઈ સું.

– ઈ વળી હું?

– ચમ, ઈનું પિયર નઈં? માની ખબરેય કઢાય.

– ઓહો, તું તો બુન ઘણી હુશિયાર!

– હુશિયાર કુણ નહં? લોકઈનું તો બાંનું.

કંટાળતાં રતિભાઈએ બીડી પેટાવી. ગઈ કાલે ગામના ચોતરે ગાડા પર બેસી નાટક જોયેલુંઃ ‘બિલ્વમંગલ’. મારો બેટો પૂરો વરણાગિયો, નદીમાં ઘસડાતો, સાપને દોરડું માની કેવો?... ઊંઘ આવતી ન હતી. રતિભાઈ વારંવાર પાણિયારે જતા ત્યારે ભલીભાભીએ પૂછેલુંઃ ચ્યમ રતિ ભૈ, આજ આંમ? ત્યારે નાના છોકરાની જેમ ઢીલા થઈ, ઢાળિયાના પાણી જેવું ખળખળ વહી ગયેલાઃ ભાભી, રમા વગર ફાવતું નથી. કાંઈ કરો. ભાભી કોસના પાણી જેવી હતી, એટલે તરત ઠલવાઈ ગઈઃ શું તમેય તમારા ભાઈ જેવા. મા જુદી,

પણ વેલો તો એક જ બાપનો ને! થોડી વાર વાતો કરીઃ કાંક કરીશું, કહી ઊંઘાડેલા, પણ રતિભાઈ આખી રાત જાગેલા. રમા આવેલી, જેઠના બફારામાં ટાઢોડીના પાણી જેવી. ઘૂંટડો બે ઘૂંટડા માંડ પીધા. પણ અષાડ-શ્રાવણ-ભાદરવો કોરાધાકોર. હમણાં દશેરાની રાતે, ચાંદની થઈ રમા ઓરડામાં પથરાઈ હતી. રંગેચંગે ચૌદસના ગરબા ગવાયા અને...

જમણા હાથની બીડી ઓલવાઈ ગઈ હતી. નવરા પડેલા ડાબા હાથે એનું કામ શોધી લીધું હતું, સાથળ ખંજવાળવાનું.

ભણવામાં આવેલી કવિતા હોઠે રમવા લાગીઃ

પ્રિયા! પ્રિયા! પ્રિયા! તારા હાથમાં સર્વ હાય રે!

ત્વરાથી દેહ જોડી દેઃ આ તો નહીં ખમાય રે!

રતિભાઈને આખો વર્ગ દેખાયો. છોકરીઓ ઊંધું ઘાલી બેસી રહી હતી. સાહેબ વધારે ને વધારે ઉત્સાહમાં આવતા જતા હતા. રતિભાઈ ગોખવાના નામે આ જ ગોખતા હતા. ગુજરાતીની એ ચોપડી સંતાડી રાખી હતી. હશે ક્યાંક પટારામાંઃ રે હાય! સ્પર્શસુખ, પ્રાણસખી! હજી દે! અવાજ વગરના હોઠ કવિતામાં નહાતા હતા, આંખો પાછળની સીટો પર ખરડાતી હતી.

– હાચી વાત. કંકુકાચી, જોજો પાસાં ઘરે જઈ મારી હાહુ આગળ ડાયાં નાં થતાંઃ ક તમારી વઉ તો આવી ન તેવી. બાકી આપણા રામ જે કાળી મજૂરીથી એક દાડો સૂટ્યા.

– દીવા જેવી વાત છ, ભા. હવારના પાંચ વાજ્યાથી વૈતરાં શરૂ. મૂતરનાં માટલાં ન છાણનાં શેંટણાં ઉપાડી ઉકેડે જવાનું. તતૈણ ડોબાં દોવાનાં.

– ઓશલા કૂટવા ચૂલામાંય આપણ ઘલાવાનું.

– શેતરમાં જતાં દહ દહ જણાનાં ભાત ઉપાડવાનાં, વળતી વેળા કેડ ફાટી જાય એવા ચારના ભારા લાબ્બાના.

રતિભાઈ તંદ્રામાંથી જાગી ગયા. ભલીભાભીની જીભ પર બળતરાના ઝરેડા પડી ગયા હતા. રાતદિવસ સાથે રહેવા છતાં ભાભીઓને ને કાકીઓને પહેલી વખત જોતા હોય તેમ રતિભાઈ દર્પણમાં ફાટી આંખે તાકી રહ્યા. બારે મહિના બાંધેલી જીભો ખૂંટા તોડી ઊભી વાટે દોડતી હતી. એના મોઢા પરથી ઘૂમટા

જ નહીં, મહોરાં પણ ઊતરી ગયાં હતાંઃ

– શેતીનો ધંધો કામ તો વેઠવું જ પડ ન?

– કામની ચાં ના સે. ઉપરથી હાહુ હાહરાના ટિટિયારા.

– ન ચાંપલી નણદો? એય ન ચોપડીમાં મુઢું ઘાલી ટીવી જોતી બેહ. બધા ઢહેડા આપડ.

– બુન, ભણવું હતું ક? તો તમેય પીટીસી થઈ નેહાળમાં ખુરશી મ્હાલતાં વોત. દિવસે ઘૂમટામાં ને રાતે અંધારામાં સંતાતી રમા ભળભાંખરા અજવાળાં જેવી દેખાઈ. રતિભાઈએ એને જોઈ હતી, પણ જાણી ન હતી. એમને વિચિત્ર વિચાર આવ્યો રમા ખરેખર કોના જેવી હશે? ભાભી જેવી કે બટાકબોલી ભાવના જેવી કે રંજન કંચન જેવી? ના, ના, રમા તો, પ્રાણસખીઃ હાય રે! સ્પર્શસુખ, પ્રાણસખી! હજી દે!

– લ્યાં, તમે પાસાં રોજનો ટિટિયારો શરૂ કરી દીધો. કઉં સુ, આંય તો બળ્યું, બધું હેઠે મૂકાં.

– રોજ રોજ ચ્યાં ભેગાં થવા મળશ? ચકલીઓ આઈ ન તારથી કૂવા – તળાવનાં આપણાં હખ પણ જ્યાં.

– ઈમ જીવ બાળે હું મળ? લે, છેંકણી લાય, હેંડ, જો ચાર રસ્તા આવ. એટલ વટથી જીપ ઊભી રખાવાની.

– ઓવ સ્તો. ફાફડા જલેબી ઝાપટવાનાં.

– આઇસક્રીમ ઉડાવાનો.

– પેપ્સીય પીવાની.

– હાસ્તો વળી. રાતમાં ટ્રંક ખોલી હાલ્લાના બેવનમાં હંતાડેલી લઈ ન આઈ શું. કડકડતી લીલી નોટ

– મન હતું જ ક હરખેહરખી મળીશું તો એકલી લૂખી વાતોથી કાંય નઈ વળે.

– ઓવ વળી, પાંચ-પચી ભાજી નાખવાના. આપડી જાત ઉપર જ વાપરવાના સ ક?

– ગાંમમાં આવા ઠીઠિયાં કઢાય? ક તાળીઓય લેવાય?

સૌનાં મોઢાંમાં રમાનું મોઢું શોધવા મથતા રતિભાઈને થયુંઃ આમનું ચાલ્યું હોત તો કાળાધોળા સાલ્લા થેલીઓમાં સંતાડી, લગ્નનાં સેલાં ઠઠાવીને આવી હોત.

– એલી, બધું આગળ હાંભળતા હશી.

– અહં. નો હાંભળ. હાંભળ તોય રતિભાઈનો ભોં નઈ. લાડકા દિયોર કેવાંય. રમકડા જેવા. પણ નેનડિયો! તમે જરા જીભ પર લગામ રાખજો.

– અમે ચ્યાં ઈમની લાજ કાઢિયે છિયે, હેં! મારી મા કેતી'તી ક રતિભાઈ તો માંમા થાંય.

– હંઅં, મારાય કાકા થાય.

– હંઅં 'લી, આટલી મજા ઈમની જાનમાંય ન'તી આઈ. અઈ તો આખી સીટ પર આપડ માંડ તૈણ જણી. ફાવ ઈમ ફેલઈ ન બેહાં.

– જાંનની તો વાત જ ના કરતી. બુન. તારા વના આપણામાંથી કુણ ગયું તું ઈમની જાનમાં? લગનના લ્હાવા લેવાના હોય. પહેરી ઓઢી માલવાનું હોય તાણ તો બુનો ન બેટીઓ ન આગળ કર. કાળા હાલ્લા ઓઢી મોં વાળવાનાં હોય તાણ વહુઓ, ભાભીઓ ન કાકીઓ ધકેલવાની. આમના તો મૂઆ રિવાજ જ ગાંડા સ.

– મું તો મારી માન ના જ કેતી'તી. પણ કરમની ફૂટેલી. નકર મુંય શેરમાં રોટલી ખઈ, ટીવી જોતી, હલાઉ, હલાઉ, કરતી હોત, હોવ!

– રાંડો, અતારે આવી વાતો શોભ? કંકુકાકીએ ચગેલી મંડળીને જરા હેઠ ઉતારી. રતિભાઈ હવે વાતોથી પૂરા રંગાઈ ગયા હતા. એમને થયુંઃ વાત હાચી. ફટાણાં ગાવામાં એની જાનડીઓ કેવી હારી ગઈ હતી. આવી ખમતીધર જાનડીઓ હોત તો વટ પડી જાત.

પાછા પગલે ચાલતા રતિભાઈ પહેલી રાતના અંધારામાં લપસી પડ્યા...

અંધારામાં ભાભીએ ધકેલ્યા ત્યારે રમા ખાટલામાં હતી. દબાયેલા અવાજે એમણેઃ રમા રમા કર્યું, પણ બોલે એ બે ખાય. બત્તી કરે તો ઉનાળામાં

બહાર ખાટલા ઢાળી સૂતેલો આખો મહેલ્લો અજવાળાં જોઈ જાય. આખરે રતિભાઈએ અંધારાની મિરાત ધ્રૂજતા ટેરવાથી નાણેલી. અત્યારે લગ્નનો ગરબો માતાના મંદિરે વળાવી, પાછલી રાત સહેજ આડે પડખે થયા.

જોર જોરથી બારણાં ખખડ્યાંઃ

રતિભૈ, ઓ રતિભૈ, જલદી ઉઘાડાં.

બીધેલી રમાએ રતિભાઈને જકડી લીધેલા. એમને ઊઠવું ન હતું.

બારણાં ઊઘડ્યાં. સામે મોકાણનો ફોન હતોઃ રમાના બાપા ગયા! પછી રમા કંઈ હાથમાં રે? જે ઊછળી ઊછળીને પટકાય. ડોશીઓએ રતિભાઈને બહાર કાઢ્યા. રમાના શરીરે સાપ ચડી ગયો હોય તેમ ડોશીઓએ રંગીન સાડલો ફેંકી ઉતાવળે ઉતાવળે ધોળો હાલ્લો વીંટી દીધો. પછી બેય ઊભે પગે ભાગ્યાં. રતિભાઈ રડવા ઘણું કરે પણ રડી શકતા ન હતા. સસરાને પહેલા કે છેલ્લા બસ લગ્નમાં જોયેલા તે ચહેરોય યાદ આવતો ન હતો. બસમાં સાંત્વન આપતાં રતિભાઈએ રમાનો હાથ પકડ્યો. રમાએ ઝટકાથી છોડાવી દીધો. પીઠ પર હળવેથી હાથ ફેરવ્યો તો છણકો કર્યો. પળમાં એ પરાયા થઈ ગયા હતા. રમાથી સહેજે છેટું એમને ના પાલવ્યું. છેવટે રમાના બળૂકા શરીરને બળપૂર્વક અઢેલીને બેઠા ત્યારે કંઈક જંપ વળી. સાસરે રમાનું મોઢું જોવા મળ્યું નહીં. રોકકળ વચ્ચે રતિભાઈ કોરાધાકોર હતા. સ્મશાનમાં આગ ચંપાઈ ત્યાં સુધી એકલા, અકળાઈ ગયેલા. નીકળ્યા ત્યારે નાતીલાઓએ કહેલુંઃ કાળોતરીના ચિઠ્ઠાની રાહ જોયા વગર તમતમારે હાથ હુંઢાડી આવી જજો.

– કયા કાંમે નેકળ્યાં છીએ ઈનું ભાનબાન સ ક નઈં? કંકુકાકીનો કકળાટ ચાલુ હતો. પછી રતિભાઈ તરફ વળ્યાંઃ હૈં રતિભાઈ, ડોહાન હું થ્યું'તું?

રતિભાઈ જાગી ગયાઃ

– હેં મને કંઈ કહ્યું?

– જીપમાં કાંય બે–પાંચ રતિભૈ સ? લટકાળી ભાવનાએ ભાણીપદું બતાવ્યું.

– કાંય નૈ. ખેતરમાંથી આવ્યા. રમાની મા, જરા પાણી લાવજે, કહી બેઠા. પણ કોને પાણી પીવું છે? ઢળી પડ્યા. પછી મોટરમાં નાખી તાલુકાના દવાખાને લઈ ગ્યા. દાક્તર કહેઃ કાંય બચ્યું નથી.

– ભૈ, અવશર તો બધા પતી ગયા હશી ક?

પિયરની વાત હોય ને ભાવના ચૂપ રહે? રતિભાઈના બદલે એ જ બોલીઃ ના. ના. રમા પૈણાઈ. રમણિયો પૈણ્યો, બસ, હજુ તૈણ અવશર બાકી.

– અરરર! તાર તો ભૈ, કૂણું મૈણું કેવાય.

કંચનથી કંકુકાકીના ઢાપલાવેડા ના સહન થયા. તેણે રંજનનો કાન ફૂંક્યોઃ – ડોશી તો હાહરી સ જ હવાહલી, આંશ્યોન ખોટું ખોટું મૂતરાવ સ.

રતિભાઈને ડગલે ને પગલે નવાં નવાં સતનાં પારખાં થતાં જતાં હતાં.

– એ રતિભૈ, આ ચોકડીએ ગાડી ઊભી રખાવજો. થોડો ઘોઘળો છાંટી લઈએ.

– મેર મૂઈ, તું તો કૂવ તરશી.

– તાર ઠીક સ. આંય બે કલાકથી બેઠાં શિયે તે પગ તો સૂટો કરવાનો ક નૈ?

હોટેલ આગળ જીપ ઊભી રહી. રતિભાઈ ઊતર્યા. ઝભ્ભાની બાંય ઊંચી કરી ઘડિયાળમાં જોયું. ઊંચા અવાજે ડ્રાઇવરને કહ્યુંઃ ભૈ, તું તાર તારી રીતે ચા-નાસ્તો કરી લેજે. ત્યાં કંઈ મેળ નહીં પડ. પછી ટેબલ પર જઈ બેઠા.

ભલીભાભી ખોડંગાતાં કંકુકાકીનો હાથ ઝાલીને આવતી હતી.

– ભલી, ઓરમાંન તોય મનોર હારો. હાથ ઝાલી રતિયાન માંડવા ભેગો કર્યો. નકર હગો ભઈ ઇજનેર થ્યો, રૂપાળી બાંમણી લાયો, ખેતર પાતર વેચી ન જ્યો એ જ્યોઃ હું કુણ ન ભૈ કુણ?

– રતિભૈ ભણવામાં કાચા. પાછા રંગીલા. ભજનમંડળીઓમાં ડાંડિયા ટીચ ન મેળામાં પાવા વગાડ. અમે ડોશીન કે'તાં'તાં ખોટાં લાડ નાં લડાવાં. પણ હાંભળ કુણ? અમે હોરમાંન. એ તો ડોશી ઉપર જ્યાં તાર તમારા ભત્રીજાઈ આકરા થઈ પરાણે શેતીમાં પળોટ્યા.

– ભૈ એ ભૈ. ઈની આંતડી બળી. બારની તો બારની, ભૈન લાડી ન વાડી ભેગો કર્યો.

રતિભાઈએ હાથના ઇશારાથી એમને પાસે બોલાવ્યાં. સામે બેસાડ્યાં.

બાકીની પલટણ સંતલસો કરતી, ઠીઠિયા કાઢતી, હોટેલની પાછળ ગઈ હતી.

વારાફરતી બંનેનાં મોઢાં જોઈ રતિભાઈએ વાત શરૂ કરીઃ

– ભાભી, કાકીન વાત કરી?

– કઈ વાત?

– પેલ્લી.

– કઈ પેલ્લી?

ભુલકણી ભાભીને કેવી રીતે સમજાવવીઃ પેલ્લી વાત? છટપટતા રતિભાઈએ તરણું ઝાલ્યુંઃ

– નાનકા ભત્રીજાની. ઓવ. રપત તો પડ છ જ ક.

– કામના દાડા સ તે રપત તો પડ જ નઃ કાકી બોલ્યાં.

મૂળ વાત મંડાતી ન હતી. રતિભાઈથી કેમ જીરવાય? એમને થયું, રતિયા, અત્યારે જ કૂદી પડ. નહીં તો, ને રતિભાઈ કૂદી પડ્યાઃ

– ઈમ નઈં. એકલી બચાડી ભાભી, કુન કુન સંભાળ? હાથી, ભાજિયા, મજૂરના રોટલા, ખેતર ન ઉપરથી બકલાની નેહાળ....

બોલતાં બોલતાં રતિભાઈને શોય ઊભરો આવ્યો તે ભાભીના પગને પગ અડાડ્યો, પણ એ પગ કાકીનો હતો. કાકીએ હસતાં હસતાં રતિભાઈની આંખો વાંચી લીધી.

ભલીને રસ્તો બતાવ્યોઃ

– ભલી, વળતાં તારી દેરાંણી ન તેડતાં આઈએ.

રસ્તો જડતાં ભલી હળવી થઈ.

– એ હાંય તો ઘેર બેઠી સોકરું હાચવ, ન અમે શેતર. કાકી, અતારે વાત કરાય? ઈન લવાય?

– ચમ નોં લવાય? મરઘા ભૈ મરી જ્યા તાર મધુન તીજે જ દોડે મોકલી હતી.

– મધુ તો નેહાળ ભણાવતી’તી. બચારી ચેટલી રજા મૂક?

રતિભાઈથી ન રહેવાયુંઃ

– ઈની નોકરી ઈ નોકરી. આપણો, બાર મૈનાંનો ખળામાં આયેલો કોળિયો, ચાર ફોરાં પડ ન ઝૂંટવઈ જાય ઈનું કાંઈ નઈ?

– મું ચ્યાં ના પાડું સું? તે ભૈ, મારા ઉપર આટલો ગચ્છકો કર સ? કાકીએ ભલીના કાનમાં કહ્યું, અલી, તાર ઘર ક તારું સોકરું તો ઠીક, તારી દેરાણી આવ તો તારો આ દિયોર નક્કી હચવાય. મારી બૈ, હાંનમાં હમજી જા. ઈની દાઢ્યો હળવળ સ. ગૉળ ચાશી જ્યો સ.

ગૉળ? ઓહો! ગૉળ!

તાળીઓ લેતી બંને જણી હસી પડી.

એટલામાં બાકી બધી આવી પહોંચી રતિભાઈને ઘેરીને વળીઃ

ચમ બધાં ચૂપ સો?

કાકી ને ભાભી એકબીજાને જોઈ રહ્યાં. કાકીએ વાત શરૂ કરીઃ

– ભલીન બચારીન ખૂબ રપત પડ સ. કે'તી કતી ક જીપમાં જગા વોય તો આવતી વેળા ઈની દેરાંણીન લેતાં આઈયે.

– તે ઈમાં હું પૂસવાનું? વીઘા જેવડી જીપ સ, ન આપડ છિયે તો ઐણ–મૈણ ન તૈણ. તમતમારે લાવજો જ ને, ભૈ.

– ન બેહાડજો, આગળની સીટે. જોટાજોટ, રતિભાઈને હવે ચૂપચાપ તાલ જોવાનો હતો.

– ગમે તેમ તોય કાચું મૈણું, કંકુકાકીએ દાણો ચાંપ્યો.

– ન ઈમનાં હાહુ – હાળા માંન? ભલી અંદરથી ફડફડતી હતી.

– ઇમ કાંય બી જવાનું? જીવી બોલીઃ હમજાઈન ખૂણામાં લઈ જઈ કેવાનુંઃ કાંમદાડો સ. અમારું નુશકાંન એ તમારું નુશકાંન.

– ઈમ તત ફફ નૈ ફરવાનું. કડક થઈ કેવાનુંઃ અમારા માંણહ પર અમારો હક, ચમ વળી.

– બાજી બગડ તો ચોટલો સાહીન ઘહડી લાબ્બાની? આપડે ત્યાં ચોં નવઈ સ?

બધાં જમનાને જોઈ રહ્યાં. ત્રણ વરસ પહેલાં એને આમ જ ઘસડી લાવ્યા હતા.

– અરે રાંડો, આપણે આંય કૂટવા જઈએ છિયે ક લઢવા? કંકુકાકીએ સમજાવ્યું. પટાઈન કેવાનુંઃ બુન, જનારનું દુઃખ કુન નોં થાય, હૈં? અમારીય છાતી દળઈ જાય સ. પણ હું કરિયે? બુન, ગયેલું કોઈનું પાસું આયું સ, હૈં? આપડ શેતીવાળાં. કાંમ તો વોય જ ન? બધાં કાકીને ધ્યાનથી સાંભળતાં હતાં?

– પછી ધીમેથી કેવાનુંઃ બારમાના દાડ મૂકી જઈશું.

– આ પાછાં વધાર ડાયાં થ્યાં.

– ઈમાં હું વધાર ડાયાં થ્યાં? બારમાના દાડે લોકલાજે જવું તો પડ ક નઈં, મારી બૈ? હવારનાં છાંણવાસીદું કરાઈ, હાથીભાજિયાના રોટલા ટીપી નવની બસમાં ચડી બેહવાનું. બપોરે હાજરી પુરાઈ, ઊભા પગે મંમ મંમ કરતાં ટાઢાં ગૈણાંય દેવાનાં ન હાંજે શેડના ટેમે વઉન લઈ ગામમાં હાજર.

રતિભાઈ પણ પણ કરતા રહ્યા. બધા વતી જમનાએ બીડું ઉપાડી લીધુંઃ

– એ તો અમે છિયે ને રતિભૈ, તમતમાર ચન્ત્યા નાં કરશો. એ તો પડશી એવા દેવાશી. વળતી વેળા અમાર તમન બેયન આગલી સીટ પર બેહાડવાં એ નક્કી.

– ન તમારાં લગનનાં ગાંણાંય ગાવાં સ. ચમ, અલી?

– ઓવ જ સ્તો વળી.

બધાં રાજીનાં રેડ.

ઑર્ડર અપાયા.

– મારા ગાંઠિયા.

– મારાં ભજિયાંઃ ગરમાગરમ લાવજે નહીં તો તારા લમણામાં પછાડે, હા.

– મારાં ફાફડા-જલેબી.

– મારે બસ, ભિસ્કિટ ન ચા.

ભાભીઓના ભાવથી રતિભાઈ ભીંજાઈ ગયા

– હવે મારી વાત સાંભળી લ્યોઃ કોઈએ પૈસા કાઢવાના નથી, કહેતાં રતિભાઈએ હોટેલના છોકરાને બોલાવી સો સોની બે કડકડતી નોટો પકડાવી. છોકરો વધારાના પૈસા પાછા લાવ્યો ત્યાં સુધી બધી કાળીધોળી એકબીજીને ચૂંટલીઓ ખણતી રહી.

ઊભી થતાં એક બોલીઃ

– કાંય આટલાથી નૈ પત, રતિભૈ. વળતાં રાજનગર ચોકડીએ અપસરામાં સિનેમા.

– ટહુકામાં પીઝા ન પંજાબી ડિશ હોય તો હા.

– નકર ના.

રતિભાઈ ફસાયા. ભોળીભટાક પરીઓ મિનિટમાં વિષકન્યા થઈ ગઈ. કાકી- ભાભી સામે ડાફેરાં માર્યાં. કોઈ વારે ધાયું નહીં. ધૂઆંપૂઆં રતિભાઈ બગડ્યાઃ

– એટલું બધું હોય કાંય? ચાપાંણીની વાત ઠીક છ.

– તો આપણી ના! ના! ના!

– ઘેર પોંચતાં રાતે મોડું થઈ જાય.

– ભલે થઈ જાય! કેવાનું જીપ બગડી’તી! પંચર પડ્યું’તું!

– અર! એક્શિડન્ટ થ્યો’તો!

– પણ સાંજની શેડોનું શું?

– ચમ વળી? એક દાડો ડોશી દુવ, ક ડોહો દુવ. કાળો ચોર દુવ. આપડ ચેટલા ટકા?

– અરે, વંતરીઓ, ખૂબ ચગી છો. રાતે તમારા હણીજા ઝૂડી નાખશે!

– તે ઝૂડી નાખશે! ઈમાં નવઈ છે કાંઈ? આયેલો લાગ કાંય જવા દેવાય?

ઘડિયાળ જોતા રતિભાઈ ઊભા થઈ ગયા.

– આ મેઘો અંધારી ન રયો છે. જલદી કરાં, માવડિયો! ક્યાં ગયો, ભૈ ડાઇવર?

મારું સિગારેટનું પાકીટ લેતો આવજે.

જીપ દોડવા લાગી. બધીઓને હસવાનો નશો ચડ્યો હતો. એક રતિભાઈ મોં ફુલાવી બેઠા હતા.

ધોળીકાળીનાં ગાણાં શરૂ થયાં:

*નદીના કિનારે રૈવર પતંગ ઉડાડ,*
*આયો પવનનો ઝોલો,*
*તૂટ્યો પતંગનો દોરો*

રતિભાઈ સાંભળતા રહ્યા. હવે એમની નજર રોડ પર, ઘડિયાળ પર ને ડ્રાઇવર પર દોડાવે જતા હતા. ગીત બદલાયું:

*લાડણો પાન ચાવ ન રહ ઢોળ...*

આ લટકાળો અવાજ વળી કોનો? રતિભાઈએ દર્પણમાં નજર કરી.

લાગ જોઈ બીજીએ તીર માર્યું:

*લાડણો વળી વળી પાસું રે જોવ!*

વગર પાન ખાધે રતિભાઈનું રસભર્યું મોઢું હાલે જાય. જોતા રતિભાઈ ટહુક્યા:

– હાશ, પહોંચી ગયા. હવે પાંચ કિલોમીટર.

થોડી વાર શાંતિ. પાછી ભાવના સળવળી:

– ચમ, રતિમામા!

– શું. ચમ રતિમામા? રતિભાઈ તાડૂક્યા.

– અપસરા ન ટહુકાનો વાયદો હાચો વૉય તો હા.

બીજીએ ડોકનો ઠમકો કરતાં કહ્યું:

– નહીં તો ના. ના. ના.

ત્યાં ભલીભાભીએ હસતાં હસતાં નાક ઉપર આંગળી મૂકી, શરૂ કર્યું:

*– શકન જોઈન સંચરજો રે...*

બીજીઓએ સામટું ઉપાડી લધું:

*– સામો મળિયો સે જોસીડો રે..*

ગામ દેખાયું. જીપ કાચા રસ્તે વળી. હવે કંકુકાકીનો વારો હતો. એકદમ તાડૂક્યાંઃ

– રાંડો, ખૂબ ફાટી જૈ સાં? વખત તો ઓળખાં.

પાછો સોપો. જીપ ઊભી રહેતાં રોવાકૂટવાનું શરૂ.

ડ્રાઇવરને કંઈ સમજાયું નહીં.

# ત્રીજું મૃત્યુ

લગ્ન પછીના ઠાઠ જુદા હતા. મુન્ની જન્મી ત્યારે જલેબી ખાતાં મિત્રોએ કહેલુંઃ લે, તારે ત્યાં તો સાક્ષાત્ લક્ષ્મીજી પધાર્યાં. અને થયું પણ એવું જ. ગામની છેવાડી સોસાયટીમાં મકાન થયું. મજાનું બે માળનું. મીના પણ શણગારે, પણ મારો વૈભવ અગાસી. સામે ખુલ્લું મેદાન. ઊગતી સવાર, આથમતી સાંજ, ઊડતાં પંખી ને ચરતાં ઢોર. આજે સવારે વાછરડા પર હાથ ફેરવવાની ઇચ્છા રોકી શક્યો નહીં. મેદાનમાં ગયો તો વિચિત્ર દૃશ્ય. વાછરડાના મોં પર અણિયાળી લાકડાની બે ફાંસ બાંધેલી. લોકો એને માંકડી કહે. વાછરડું ધાવવા જાય તો ગાયને ફાંસ વાગે. તોય ગાય ઊભી રહે. ઉપરથી રબારીની લાંબી ડાંગ જે પીઠ પર પડે કે... ઑફિસમાં ય મને ફાંસ ને ડાંગ વાગતી રહેતી.

સાંજે પાછી એ જ અગાસી ને હું. છોકરાં ગધેડાનો કાન પકડી સવારી કરવા મથતાં હતાં ને વાંકુંચૂકું થતું ગધેડું સવારને પછાડી હોંચી! હોંચી! કરતું ભાગતું હતું. તો પેલી બાજુ નવરાં છોકરાં કૂતરાની પૂંછડીએ કાંટાનું જાળું બાંધી પજવતાં હતાં. આ બાજુ કોઈક તોફાનીએ ગધેડાની પૂંછડીએ ફટાકડાની લડ બાંધી સળગાવી, ફટ! ફટ! ફટાફટ! ગધેડું જે જીવ લઈ દોડે. હું ઊભો ઊભો બૂમો પાડું પણ સાંભળે કોણ? પસાર થતો રબારી કહે, ‘શાયેબ, નકામા ઘાંટા પાડશો નઈ.

નધણિયાતાં ન નપાણિયાંની આ જ વલે થાય. બાકી મગદૂર સ કોઈની, ક મારાં જાનવર હાંમે આંગળી ઊંસી કર? તોડી નાં નાંખું!!

સાંજની ખીચડીનો સ્વાદ બગડી ગયો હતો.

હા, રાત મજાની ઊગી. ઊતરતો ઉનાળો ને અગાસી. પડખે મીના ને મુન્ની. પવન પંખો કરે, ઝાડવાં ઝીણી ઝાલર વગાડે ને તારામઢ્યું આકાશ ચાદર ઓઢાડે. બર્થ-ડે હોય તેમ એક હાથમાં ગુલછડી ને બીજા હાથમાં કેક સાથે નીંદરરાણી હાજર. પણ આજની વાત જુદી હતી. અટકચાળાં વરસાદી ફોરાંએ અડપલાં કરી ધરાર પથારીઓ ઊપડાવી. અંદર ધકેલ્યાં. અંદર લાઇટ ગુલ. ઉકળાટ પરસેવો પડાવે. ત્યાં બારીમાં બેઠા મરક મરક મલકાતા તારા ફરી અગાસીમાં બોલાવે. માંડ આંખ મળે ત્યાં ફોરાં ફરી શેતરંજી ઊપડાવે. હું જીદે ચડું. અંગરખું ઉતારી અળાઈઓ ખંજવાળતો બરડો પલાળવા આંટા મારું, પણ છાંટા પાછા સંતાઈ જાય. વાયરો બંધ. અંગરખું વીંઝ્યા કરું’. ત્યાં રૂમની વીજળીને દયા આવે. ઝબાક કરતી સાદ દઈ અંદર બોલાવે. ઘરરર... પંખો પડખાંનો પરસેવો ચાટવા મથે, ઊતરતી રાતે ઉંબરે ટિંગટૉન્ગ જેવું થયું હતું. પણ સવારે સવારે બારણું ઉઘાડવા તો મીનાએ જ ઊઠવાનું હોયને!

અત્યારે કદાચ મીના ત્રીજી વખત ઢંઢોળતી હતીઃ કહું છું, ક્યાં સુધી છાતી વલૂરતા પડ્યા રહેશો? ઊઠો ભૈસાબ, માઠા સમાચાર છે. મસાણે... અંધારામાં અથડાતી મારી આંખો ગુસ્સાની ગાંસડી સાથે અથડાઈ પડી. ને લસરક થતી એક ગાળ દડી પડી. મીનાને વાગી. તે લપકીઃ ઘરમાં મા-બેન હોય તો બૈરા માણસ સાથે બોલતાં આવડે ને. ગુસ્સાની આખેઆખી ગાંસડી છૂટી જાત, પણ વહેલી સવારમાં જાગી ગયેલી મુન્નીને જોતાં હું શરમાયો. ને ગાંસડી મનના માળિયે ચડાવવા મથવા લાગ્યો. મનોમન મને તાગતી મીના દબાયેલા અવાજે બોલીઃ પેલી માલતી, મનસુખની પરણેતર, બિચારી ઉપર પહોંચી ગઈ. મેં કહ્યુંઃ એમાં આપણે કેટલા ટકા. છ મહિનાથી નથી મનસુખને મળ્યો કે... ને એની બૈરીને તો જોઈ છે જ કોણે? ચલ, ઊભી થા. ઊંઘવા દે. પડખું ફેરવતાં પેલી ગાંસડી ફરી મારા માથા પર લપસી પડી હતી. પણ મીનાનું ધ્યાન ન હતું. એકલી એકલી બબડે જતી હતીઃ ગયા અઠવાડિયે તો બિચારી પિયરથી આવી હતી. બે મહિનાનો બાબલો લઈને. મારે તો રમાડવા જવાનુંય રહી ગયું.

મારામાં ઓચિંતો ભૂકંપ સર્જાયો. બધું તળેઉપર. ઊથલપાથલ. રોમેરોમ આકળવિકળઃ મારી મા પણ આમ જ. હું પણ માંડ બે મહિનાનો જ. મેં માને જોઈ ન હતી. માની વાતો સાંભળેલીઃ સોટી જેવી પાતળી ને લાંબી હતી. વગેરે...

બારણાં હચમચ્યાં, કબાટ ફેંદાયું, ખેસ ખેંચાયો. મીના બોલ્યે જતી હતીઃ ચા તૈયાર છે. ભાખરી પડી છે. બપોર સુધી મેળ નહીં પડે. અરે માથું તો ઠીક કરો, પણ હું તો મારે ખાસડાં ખોસતો દોડ્યો. લાશ જોવી હતી. બે મહિનાનું બાળક મૂકી શાંત પડેલી માની લાશ.

શેરીના નાકે સળગતાં છાણાંવાળી દોણી હતી. ત્યારે પણ આમ જ દોણી સળગતી હશે. નનામી પણ આમ જ પડી હશે. મા આમ જ સૂતી હશે, રાતાં લૂગડાંમાં. કપાળે કંકુ. આંખો બંધ. હકડેઠઠ લોક. આમ હળવે હાથે ઉપાડીને નનામીમાં મૂકી હશે. મારેય હાથ દેવો હતો. રહી ગયો. હું ઝઝૂમતો અંદર ધસ્યો. બધાંની જેમ નીચું મોં કરી બેઠો. કોઈકે મુંજની દોરી પકડાવી. મેં ખેંચી. ખેંચાતાં ખેંચાતાં નનામી બંધાતી ગઈ. કાનને કંઈ સંભળાતું ન હતું. આંખોની હાલત, ખબર નથી. નનામી ઊંચકાઈ. હું પાછળ ધકેલાયો. બધા બહાર હડસેલાયા. ભેગો હું હડસેલાયો, બધા દોડ્યા, ભેગો હુંય દોડ્યો. ઊંચીનીચી થતી નનામી પૂરમાં તણાતી નાવની જેમ ધકેલાતી જતી હતી. નનામી પકડવા હું જ તરતો હોઉં એમ દોડ્યો. હાશ. એક છેડો હાથ આવ્યો. મારે ખભે ફૂલ ઊગ્યાં.

નનામી છૂટી. મેંય છોડી. લાકડાં ગોઠવાયાં. મેંય ગોઠવ્યાં. લાશ ચિતા પર મુકાઈ. મેંય ટેકો કર્યો. ચહેરો કરી દેખાયો. કંકુવાળો. ના. હોઠ હસતા નથી, બોલતા નથી, રડતા નથી. મા પણ નહીં હસી હોય, નહીં બોલી હોય, નહીં રડી હોય, શાંત દરિયો. જીવનની ભરતી નહીં, મરણની ઓટ નહીં. બધા આખેઆખી મા લ તી જોતા હતા. મને નખશિખ મા... દેખાતી હતી. મનસુખે ઊંબાડિયું લીધું. મને ના મળ્યું. તોય હું તેની પાછળ ઘસડાયો. મનસુખે પોક મૂકીઃ માલતી... મારું ગળું ફાટી ગયુંઃ માઆઆઆ...

ભડાભડ ભડભડ

મા બીજી વખત ચિતા પર ચડી હતી.

ધુમાડામાં શેકાતી આંખો નીતરતી રહી. આગની લપેટો ઓછી થઈ. અંગારા દેખાયા ત્યારે પાંચસાત ડાઘુ બચ્યા હતા. મારા ખભે કોઈનો હાથ મુકાયોઃ તારી માને પણ આમ જ. કોણ હતું એ? ઓળખાયું નહીં. કપાળે કરચલી ને ધોળી દાઢી. હા. પરશોત્તમમામા. કેટલે વર્ષે!

❖

પરશોત્તમમામા અમારા નાતીલા ન હતા. જશોદામાસીના ભાઈ એટલે મામા. માસીને એ 'જશી' કહેતા, માસી શિક્ષિકા હતાં. સાંભળતો થયો ત્યારથી કાન માસીની વાતો સાંભળે છેઃ માસી માના ગામનાં, મા જેવાં ને મા જેવડાં. અમારા મેડે રહેતાં. મા શાંત થયા પછી બાજુના મહેલ્લામાં રહેવા ગયેલાં. પણ દૂધની બાટલી માસીએ પાયેલી, બાળોતિયાં માસીએ ધોયેલાં, બાબરી માસીએ ઓળેલી. એમ તો માસી કોળિયા ભરાવતી, તે આંખોને યાદ છે. હાથ પકડી માસી બાથરૂમમાં ખેંચી જતી. મસળી મસળીને મેલ ઉતેડતી ને નવડાવતી, તે યાદ છે. પટિયાં પાડી, પાટી પકડાવી, શાળામાં લઈ જતી તે યાદ છે. દવા પીવડાવતી, તોફાને ચડું તો ચૂંટલી ખણતી ને વહાલી કરતી, તેય યાદ છે.

એમ તો પપ્પા રજાઈ ઓઢાડતા, તે યાદ છે, ધમકાવી ઊંઘાડતા, તે યાદ છે, ઊંચા સાદે ઉઠાડતા, તે યાદ છે ને સિનેમા જોવા લઈ જતા, એય યાદ છે. સિનેમામાં ક્યારેક માસીને જોયાનું પણ યાદ છે.

એકલો હોઉં ત્યારે માસી માની ખૂબ વાતો કરતીઃ દેવકી ને હું. એક મહેલ્લાની, પાક્કી ગોઠણો. એક જ કૂવે પાણી ભરતી ને એક તળાવે વાસણ માંજતી. એક ફળિયામાં ગરબા લેતી ને એક નિશાળમાં ભણતી. એ ભણવામાં કાચી ને હું આંબે ચડવામાં કાચી. છેલ્લે બોલેલીઃ જશી, આજથી આ તારો. એ દિવસથી તું મારો. મારી મોટી મોટી આંખોને વાતોનાં બોર મમળાવ્યા સિવાય કંઈ ન સમજાય. છેવટે મલકાતી માસીના હાથ પહોળા થઈ જાય ને ભેટી પડાય.

લગભગ બીજામાં, હા, બીજા ધોરણમાં હતો, ત્યારે ભજન ગાતા પપ્પાએ બદલી કરાવી. હું માસી પાસે રહ્યો, પણ ત્રીજામાં ગયો ને માસીની બીજે ગામ બદલી થઈ.

હું માસી સાથે જવા તૈયાર હતો, પણ પપ્પાએ વધારે હોશિયાર કરવા

છાત્રાલયમાં મૂક્યો. ધીમે ધીમે મને થાળીવાડકી માંજતાં, કપડાં ધોતાં, ઇસ્ત્રી કરતાં, ભાઈબંધની સુખડી ચોરતાં ને ગૃહપતિની સોટી ખાતાં આવડી ગયું. સોટી વાગી ચમ ચમ ને સમજણ આવી ધમ ધમ.

સમજણની ઉનાળુ રેતમાં બધું વીખરાઈ ગયું. હું મારે રસ્તે, માસી માસીના રસ્તે ને પપ્પા પપ્પાના રસ્તે. બદલીઓ કરાવતાં, તાલુકા ને જિલ્લા વળોટતાં પપ્પા લગભગ ન દેખાય એટલે દૂર જતા રહ્યા. હુંય મારે માથું મારતો, પગ પછાડતો, હાથ દઝાડતો, કાચોપાકો રોટલો શેકતાં શીખી ગયો. પણ લોક પજવે. માસીને લટકમટક ચીતરે ને પપ્પાને... ઊલટીસૂલટી વાતો કાન ફોલી ખાતી. કાચી સમજના ઉકરડામાં શંકા સિવાય બીજું શું ઊગે? ઉકરડામાં શરીર વલૂર્યા કરુ. વૈદરાજ કહેઃ લોહીનો વિકાર છે. પડીકીઓ આપે, પણ મટે નહીં. દાંત વડે નખ કાપતો રહું. પણ નખ તો નખ. વધે ને વલૂરે. ચકામાં પર ફૂ... ફૂ... ફૂંક્યા કરું' ને મનોમન માસીને મનવટો આપવા મથ્યા કરું'.

– છી... ગંદી.

માસી મનમાં જ હોય. તે ફટ પૂછે – કેમ?

લોકોએ ગોખાવેલો જવાબ હોઠે હોય.

– જનમ આપે તે જનેતા. બાકી બધા ફજેતા.

પણ માસી મનમાં હાજરાહજૂર બેઠી હોય, એટલે મારાથી લોકો જેવું વિચારાય નહીં કે બોલાય પણ નહીં. બોલાય તો બોલાય મારા જેવું.

– પપ્પા સાથે સિનેમા?

– કેમ ના જોવાય?

– એકલાં એકલાં?

– એકલાં એકલાં કેમ? વચ્ચે ગલગોટા જેવો તું હોય ને તારા પડખે જીજા.

– જીજા?

– હજાર વાર જીજા જીજા જીજા.

અંધારાના પોલમાં લાઇટરનો તણખો ઝર્યો. પહેલી વખત મેં મને પ્રશ્ન કર્યોઃ લોકો સાચા કે માસી?

ત્યાં ખી ખી ખી ખી... કરતા લોકોએ ખાળ્યા ખળાય નહીં એવા હલ્લા શરૂ કર્યા. હું કાચબો. આંખ, કાન, નાક મોં સંકોરી, કોકડું વળી ફંગોળાતો રહું.

ફંગોળાતો હતો ત્યાં એક દિવસ ટપ કરતી માસી ટપકી કહેઃ ચાલ, ઇન્ટરવ્યૂ છે.

ગેરહાજરીમાં વકરેલી નારાજગીની કાળી બિલાડી માસીની હાજરીમાં મ્યાંઉં કર્યા વગર સંતાઈ ગઈ. ને ચૂલા ઉપર રોટલાના બદલે શીરો શેકાવાની વાસ આવતાં સમજણની ધોળી બિલાડી હસી હસી મ્યાંઉં મ્યાંઉ કરતી, પૂંછડી પટપટાવતી માસીની આગળપાછળ લટુડાંપટૂડાં કરતી રહી. પણ માસી તો માસી. કામ પત્યું કે રવાના.

મહિનેદાડે ખિસ્સુ ગરમ થયું. કડાઈમાં દેશી ઘીનો શીરો શેકાયો પણ ખરો. તેની સુગંધને પગલે નવાં પૅન્ટશર્ટ ખેંચાઈ આવ્યાં ને શોરૂમના મિરરમાં મારી આંખો મીંચકારાવા લાગી. માસીને કાગળ લખવા હાથ સળવળે, પણ નખ હાથ વલૂરી નાખે, કાગળ ચૂંથી નાખે.

અકળાયેલું મન ઊભા રસ્તે દોડ્યા કરે. તબડક તબડક. જાણે નથ્થુમિયાંનો ઘોડો. આંખો પર મોટા બે દાબડા. ન જમણે જોવાય ન ડાબે. નીચી મૂંડીએ સીધા દોડવાનું. હાંફતા પગ ફૂટપાથ પર જ્યોતિષી પાસે હાથ ધરતા ફસડાઈ પડે.

જ્યોતિષી ભાખેઃ હૈ, બાપ હૈ. પર બાપ કી છાયા નહીં. સચ્ચી બાત? હું કહુંઃ સાચી વાત. એ કહેઃ પર બચ્ચા, માં કા સુખ ભરપૂર હૈ. સચ્ચી વાત? હું બોલી પડુંઃ ખોટી વાત. માનું તો મોઢુંય જોયું નથી. – ને હાથ ખંખેરતો ઊભો થઈ જાઉં. ત્રાટક કરતો હોય એમ એ મારી શૂન્ય આંખો વિયતો જોઈ રહે ને કહેઃ ઇમ્પોસિબલ.

તબડક તબડક.

જેના અભાવમાં વામણો છું, જે મારા કોષેકોષને બુચકારે છે ને હું જેના કોષેકોષમાં પમરતો રહ્યું છું એ મા કોણ? દેવકી? કે! દેવકીને તો જોઈ નથી. મિત્રો પણ કંટાળે. કહે,ઃ ક્યા મા, મા લગા રખ્ખા હૈ? જવાન હો. શાદી કર લો, બાત ખતમ.

તબડક તબડક.

ખદબદતી ઉધાઈમાં બધું ખવાતું જતું હતું. માસીના સંબંધના નામે એક દિવાળી કાર્ડ બચ્યું હતું.

દિવાળી ગઈ ને માસી ફરી આવી ટપકી.

– ચાલ, ઇન્ટરવ્યૂ છે.

– હવે શાનો ઇન્ટરવ્યૂ?

તો કહેઃ શરણાઈનો.

ને શરણાઈ વગડાવા માસી અઠવાડિયા પહેલાં આવી ગઈ. પપ્પા ન આવ્યા, પત્ર આવ્યો. ત્રાહિત માણસ જેવા આશીર્વાદ ને આ તો સપનું છે સંસાર. વગેરે વગેરે... માસીએ પપ્પાનો ફોટો સજાવ્યો. નવી ફ્રેમ ને નવો ફૂલહાર. કહેઃ બેટા, પપ્પાને પગે લાગીને સિધાવો. ને એકાએક કુકરનો સંકટી વાલ્વ ફાટ્યો.

– માનો ફોટો કેમ નહીં?

માસી કહેઃ છે? લાવ.

વરાળ નીકળતી રહે.

– પાકી ગોઠણો હતી, તોય નથી? મૅટ્રિકની પરીક્ષા વખતે સ્ટુડિયોમાં ફોટા પડાવેલા, ત્રણ ત્રણ કૉપી. તોય નથી? તમારી પાસે?

– કેમ નથી? છેને. આ હૃદયમાં.

માસીની ભીની આંખ જોતી મારી વરાળ હવામાં વિલાઈ ગઈ.

જાન નીકળી. કચવાતા મને હું પગે પડ્યો. છલકાતા હૈયે એમણે ઓવારણાં લીધાં.

બીજા દિવસે એટલા જ ઓરતાથી અમને સજોડે પોંખ્યાં. થાળીના ઝાંખા અજવાળામાં માસીની બે આંખો ઝગમગ ઝગે. એ જ પ્રેમ. એ જ આશિષ. ભાનસાન વલૂરતા નખ શાંત પડ્યા. ઘડીભર કેવળ હું બચ્યો. ને ભીતરની ભીતરથી અવાજનું ઝરણું ફૂટ્યુંઃ મા.

બીજા દિવસે વિદાય આપતાં હસતા મોઢે મેં માસીને સાડી આપી. એમણે એટલી જ ઊલટથી મીનાને ઓઢાડી, ને ચાલી નીકળ્યાં.

ગરજ વીતી ને વધતા નખ પાછા વલૂરવા લાગ્યા. પંડમાં પેટેલી આગ વડવાનલની માફક ભભૂક્યા કરતીઃ પપ્પાની ફ્રેમનું આટલું બધું જતન કેમ?... કેમ આટલું બધું જતન પપ્પાની ફ્રેમનું?...

આગ ઠરતી ન હતી. રહી રહીને લપક્યા કરતી.

ત્યાં ઊંડેથી અવાજનો તાજો ઝરો ફૂટ્યો.

– જો સાવ એવું જ હોત તો એ પપ્પાને પરણી શકી હોત. કોણ રોકનાર હતું એને? પપ્પા? કે પપ્પાને એણે સંભળાવ્યું હશેઃ મેરે તો ગિરધર ગોપાલ દૂસરો ન કોઈ. કે આ તો સપનું છે સંસાર ગાતા પપ્પા જ ભાગ્યા હશે?

આગ ધીમી પડવા માંડી. પણ લોકગોકીરાએ નવાં લાકડાં નાખ્યાં.

– ખીલે બંધાવું ન હતું. રાંડને છૂટું ચરવું હતું. બાપ-દીકરા બેયનો ભવ બગાડ્યો.

ત્યાં અવાજની બીજી તેજ ધારા વછૂટીઃ સાવ અજાણી મનસુખની પરણેતર જોતજોતાંમાં મા બની બેઠી ને જનમથી ડગલે ને પગલે ટેકો આપી ઊભો કરનારી ડાકણ?...

નીતરતી આંખો ભાંગી પડીઃ પણ વચ્ચે માસી-પપ્પાનાં અડાબીડ જંગલ ને લોકોની વાતોનાં રણ...

અતળ તળિયેથી ત્રીજી વેગવાન ધારા ઊછળીઃ માસી-પપ્પા વિશે લોકો ગમે તે સળગતાં ઇંધણાં નાખે. માત્ર તારી વાત કર. માસી ઝરણું છે કે આગ? તને શું લાગે છે? એણે તને બાળ્યો છે કે બચાવ્યો છે? પછાડ્યો છે કે પાળ્યો છે? પોષે તે પયોધર. પાળે તે મા.

કલકલ ઝરા ને ભડભડ આગ. મનનો ખેલ શમતો ન હતો.

પરશોત્તમમામા સ્મશાન છોડી ઊપડ્યા. હું પાછળ ઘસડાયો. તે એસટી બસસ્ટૅન્ડ તરફ વળ્યા. હું પણ, મને થાયઃ કંઈક બોલું. 'મામા, તમે અહીં ક્યાંથી? ઘેર કેમ ન આવ્યા? માસી કેમ છે?' માસીનું નામ પડતાં જ થાળીના ઝાંખા અજવાળામાં હજાર હજાર આંખો ઝગમગવા લાગી. પટિયાં પાડતી આંખો. પાટી પકડાવતી આંખો. દવા પીવડાવતી આંખો. ઇન્ટરવ્યૂમાં લઈ જતી આંખો. શરણાઈ વગાડતી આંખો. પોંખતી આંખો થાયઃ મામાને પાછા વાળું.

નાના છોકરાની જેમ હાથ પકડી પરાણે ઘેર ખેંચી જાઉં, પણ અંદરથી મને કોઈકે પકડી રાખ્યો હતો. સજ્જડ. મારી માફક કદાચ મામા પણ પોતાના કોચલામાં પુરાઈ ગયા હતા. બે મૂંગા પડછાયા ડગલાં ભરતા જતા હતા. વચ્ચે મને ત્રીજો પડછાયો દેખાયો. બે હાથ પહોળા કરી ગુપચુપ ચાલતી સ્ત્રીનો પડછાયો. એની નજર મારા તરફ. મારી નજર એના તરફ.

બસસ્ટૅન્ડ આવ્યું. વહેતા ટોળા વચ્ચે અમે બે અલગ પથ્થર. બસ આવી. મામામાં પ્રાણ આવ્યો. દોડી બસમાં ગોઠવાયા. મારી અંદર કોક બોલ્યે જાયઃ જનારો હમણાં જતો રહેશે, લોકાચાર તો નભાવ. તું તારે દૂરથી હાથ લાવીઃ 'આવજો.' કહી હાલી નીકળ. પણ પગ માને નહીં. કહેઃ સ્મશાનમાં ખભે ઓચિંતો હાથ મૂકનાર ઘરડા જીવ સામે નહીં જોવાનું? ત્યાં હાથ ભારે હરખીલા થયા. તેમણે પાણીનું પાઉચ ખરીદ્યું. ને બારી પાસે પહોંચી ગયા.

ડ્રાઇવર બેઠો. ઘરરરરર... શરૂ થયું. મેં પાણીનું પાઉચ મામાના હાથમાં પકડાવી દીધું.

મામાને ઓચિંતી વાચા ફૂટીઃ બાળકુંવારી જશીનું કોણ હતું? તને કાળોતરી લખેલી, તોય ન આવ્યો? મામાએ મારા હાથમાં પાણીનું પાઉચ પાછું પટક્યું.

હું શું બોલું?ઃ નવું મકાન? નવું સરનામું?... કે શરીર વલૂરતા નખ બતાવું?

આંખમાં વહી જતી બસનો ધુમાડો, હાથમાં પાણીનું પાઉચ ને માથામાં આગ... પાઉચની ધાર કરું ત્યાં રમઝટ ઝાપટું ત્રાટક્યું. વાહનોની ભાગાદોડી મચી ગઈ. ટ્રીન ટ્રીન ટી ટી પી... પી... અવાજો ઊંચકાયા ને શમી ગયા. એકલદોકલ રસ્તા પર આકાશી ધધૂડા. ત્રીમઝીક પાણી, ઝબક ઝબ વીજળી ને હવાની થાપટો ખાતાં દાંતનાં ડાકલાં વાગતાં હતાંઃ પલાડ, હજુ પલાડ, નવડાવ. મસળી મસળીને નવડાવ...

એમાં દૂરનો નહીં બોલાયેલો અવાજ ભળ્યો. ઝાંખો, પીળો, તીણો ને તીખો.

– વધારે પલડીશ નહીં. માંદો પડીશ.

હવામાં ચાની હૂંફાળી સોડમ વીખરાઈ ને શરીર પર વિક્સની ફોરમ પથરાઈ.

સાતે પાતાળ ભેદી ઉપર ઊઠતી એક પોક આકાશમાં વિલાઈ ગઈ.